ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૧૨.૦૭.૨૦૧૮

----------------

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો ૨૦મી જુલાઇના રોજ એક દિવસીય ગુજરાત પ્રવાસ.**

----------------

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ અષાઢી બીજના રોજ જગન્નાથ મંદિર ખાતે સવારે મંગલા આરતી કરશે અને તારીખ ૧૪ જુલાઇના રોજ નેશનલ યુથ પાર્લામેન્ટમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.**

----------------

**ભારતની આતંકવાદી પાકિસ્તાન સાથે સરખામણી કરીને કોંગ્રેસે દેશવાસીઓનું અપમાન કર્યુ છે. રાહુલ ગાંધી અને કોંગ્રેસ શશી થરૂરના નિવેદન પર સવા સો કરોડ દેશવાસીઓની માફી માંગે – શ્રી જીતુભાઇ વાઘાણી**

----------------

**રાહુલ ગાંધીએ જ્યાં પણ પ્રવાસ કર્યો છે ત્યાં કોંગ્રેસને હરાવીને ઇતિહાસ સર્જયો છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

----------------

**કોંગ્રેસનું ઘર જ તુટી ગયુ છે અને કોંગ્રેસ ઘર વાપસીની વાત કરે છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

----------------

**આગામી ૧૧મી ઓગષ્ટના રોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે ભાજપા ગુજરાતની એક દિવસીય પ્રદેશ કારોબારીનું આયોજન**

----------------

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પત્રકાર મિત્રોને સંબોધતા જણાવ્યુ હતુ કે, આજરોજ પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે એક અગત્યની પ્રદેશ બેઠક રાખવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, રાષ્ટ્રીય સહસંગઠન મંત્રીશ્રી વી.સતીષજી, કેન્દ્રીય મંત્રીશ્રી પરષોત્તમભાઇ રૂપાલાજીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ બેઠક યોજાઇ હતી. પ્રદેશના પદાધિકારીશ્રીઓ, જીલ્લા-મહાનગરના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ અને પ્રભારીશ્રીઓ તેમજ વિશેષ રૂપે સાત મોરચાના પ્રદેશના પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, દેશના સૌથી લોકપ્રિય વડાપ્રધાન વૈશ્વિક નેતા શ્રી નરેન્દ્રભાઇ મોદી એકવાર પુનઃ ગુજરાત પધારી રહ્યા છે તે અંતર્ગત તારીખ ૨૦મી જુલાઇના રોજ સવારે વલસાડ જીલ્લામાં પાણી પુરવઠા ખાતાની આશરે ૫૦૦ કરોડ રૂપિયાની યોજનાનું ખાતમૂર્હુત તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બાંધકામ થયેલ આવાસોનું લોકાર્પણ કરશે. બપોરે જુનાગઢ ખાતે ૫૦૦ કરોડના ખર્ચ સાથે નવનિયુક્ત મેડિકલ કોલેજનું લોકાર્પણ કરશે અને સાંજે ગાંધીનગર ખાતે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સીટીના કોન્વોકેશનમાં ઉપસ્થિત રહેશે. અને ત્યારબાદ દિલ્હી જવા રવાના થશે.

આમ, વડાપ્રધાનશ્રીનો આ એક દિવસીય ગુજરાત પ્રવાસ ગુજરાત ભાજપાના કાર્યકરોમાં જોશ અને ઉત્સાહવર્ધક બની રહેશે તેમ શ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતું.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ આવતીકાલે રાત્રે ગુજરાત આવશે. ભગવાન શ્રી જગન્નાથજીની જગન્નાથપુરી પછી અમદાવાદ ખાતે યોજાનારી રથયાત્રા એ સમગ્ર ભારતમાં બીજા નંબરની મોટી રથયાત્રા છે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ વર્ષોથી અષાઢી બીજના રોજ ભગવાન જગન્નાથજીના મંદિરમાં મંગળા આરતી કરી પુજા-અર્ચના કરે છે અને આ વર્ષે પણ પુજા-અર્ચના કરી આશીર્વાદ મેળવશે. ત્યારબાદ ૧૪મી જુલાઇના રોજ યોજાનાર નેશનલ યુથ પાર્લામેન્ટમાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, આજની આ બેઠકમાં ભૂતકાળમાં યોજાયેલ કાર્યક્રમોનું રીપોર્ટીંગ લેવામાં આવ્યુ હતુ અને આગામી સમયમાં યોજનાર કાર્યક્રમોની રૂપરેખા નક્કી કરવામાં આવી હતી. આગામી સમયમાં ભાજપા દ્વારા સમગ્ર રાજ્યમાં વૃક્ષારોપણના કાર્યક્રમો યોજવામાં આવશે. સુજલામ સુફલામ જળસંચય અંતર્ગત જે તળાવો ઉંડા કરવામાં આવ્યા છે અને અન્ય તળાવો તેમજ ડેમોમાં નવા નીર આવવા લાગ્યા છે ત્યારે આપણી સંસ્કૃતિ પ્રમાણે જળપુજનના કાર્યક્રમો યોજવામાં આવશે. ઋતુ બદલાતા ફેલાનાર રોગો સામે લડવા માટે મેડીકલ કેમ્પોનું આયોજન આગામી સમયમાં કરવામાં આવશે. રક્ષાબંધનના તહેવારની ઉજવણીના કાર્યક્રમો મહિલા મોરચાની બહેનો દ્વારા વ્યાપક સ્વરૂપમાં યોજનાર છે. તે અંગેનું આયોજન પણ હાથ ધરવામાં આવ્યુ છે. આમ, દિવાળીના સ્નેહમિલન સુધીના અનેક કાર્યક્રમોની સંરચના હાથ ધરવામાં આવી છે.

શ્રી વાઘાણીએ પ્રદેશ બેઠકમાં ઉપસ્થિત સૌ હોદ્દેદારશ્રીઓને સોંપાયેલ જવાબદારી યશસ્વી રીતે નિભાવી આગામી તમામ કાર્યક્રમોને સફળ બનાવવા માટે પરિશ્રમની પરાકાષ્ટા સર્જવાની અપીલ કરી હતી.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, કોંગ્રેસની પરિસ્થિતિ એ ડામાડોળ થઇ ગઇ છે. કોંગ્રેસના નેતાઓ ઘરવાપસીના નિવેદનો કરે છે ત્યારે અમારે તેમને કહેવું છે કે, કોંગ્રેસનું ઘર જ તુટી ગયુ છે અને તે સાંધવાના પ્રયત્નો કરી રહ્યા છે તે પણ ફલીભુત થશે કે કેમ ? તે બાબતે પણ સંશય છે. કોંગ્રેસના કાર્યક્રમમાં એક એપ લોન્ચ કરવામાં આવી તે બાબતે પ્રતિક્રિયા આપતાં શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, આ એપના માધ્યમથી કોંગ્રેસનો કાર્યકર રાષ્ટ્રીય નેતૃત્વ સાથે જોડાશે, એનો અર્થ એ થાય છે કે, કોંગ્રેસના રાષ્ટ્રીય નેતૃત્વને ગુજરાત કોંગ્રેસના નેતૃત્વ પર ભરોસો નથી અને રાહુલ ગાંધીને પણ પ્રદેશના નેતૃત્વ પર ભરોસો નથી. પ્રજાને રાહુલ ગાંધી પર ભરોસો રહ્યો નથી. પ્રદેશ હંમેશા કેન્દ્ર નેતૃત્વ સાથે માધ્યમ બનતુ હોય છે પરંતુ પ્રદેશ કોંગ્રેસનું નેતૃત્વ સાચી હકીકતોથી કેન્દ્રીય નેતૃત્વને વાકેફ ન કરતું હોય તે બાબત સ્પષ્ટ રીતે દેખાઇ આવે છે અને તેના કારણે જ કોંગ્રેસને ગુજરાતની પ્રજાએ સતત છઠ્ઠી વખત હરાવી છે.

શ્રી વાઘાણીએ કોંગ્રેસના ઘરવાપસીના નિવેદન અંગે જણાવ્યુ કે, ભાજપાના પૂર્વ ધારાસભ્ય કોંગ્રેસમાં જોડાયા છે. તે પૂર્વે તેઓ આપ પાર્ટીમાં જોડાયા હતા અને સદ્ભાવના પાર્ટી થકી લડીને હારી ચૂક્યા છે. કોંગ્રેસની સાથે બેસીને તેમણે ભૂતકાળમાં આંદોલન કર્યા હતા. તે સમયે કોંગ્રેસ પ્રદેશના એકપણ નેતા જોવા મળ્યા નહોતા. આમ, પ્રદેશ કોંગ્રેસના નેતૃત્વને તેમના પર ભરોસો નથી. અંદરોઅંદર વિખવાદ અને ઝગડાના કારણે કોંગ્રેસ મૃતપાય સ્થિતિમાં આવી ગઇ છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ રાહુલ ગાંધીના ગુજરાત પ્રવાસ અંગે જણાવ્યુ હતુ કે, શ્રી રાહુલ ગાંધી પ્રવાસના નામે ગુજરાત આવી રહ્યા છે પરંતુ જ્યારે પણ રાહુલ ગાંધીએ જ્યાં પણ પ્રવાસ કર્યો છે ત્યારે કોંગ્રેસને હરાવીને ઈતિહાસ સર્જયો છે. ગતવિધાનસભાની ચૂંટણીઓમાં છઠ્ઠી વખત હરાવીને શ્રી રાહુલ ગાંધીએ કોંગ્રેસને સૌથી વધુ વખત હરાવવાનો ઈતિહાસ સર્જયો છે અને ફરી એક વખત રાહુલ ગાંધીનો આ ગુજરાત પ્રવાસ કોંગ્રેસને હરાવવા માટેનો બની રહેવાનો છે. હમણાં જ મળેલ કોંગ્રેસની બેઠકમાં મીડિયા મારફતે એવું જાણવા મળ્યુ છે કે, કોંગ્રેસને લોકસભાની ૧૨ થી ૧૫ બેઠકો પર ઉમેદવારો પણ જડતાં નથી. ભાજપા સેવાકાર્યો થકી જનતા સુધી પહોચે છે અને ફરી એક વખત જનતાના આશીર્વાદ મેળવીને લોકસભાની ચૂંટણીમાં ૨૬માંથી ૨૬ બેઠકો જીતશે તેવો આત્મવિશ્વાસ શ્રી વાઘાણીએ વ્યક્ત કર્યો હતો.

શ્રી વાઘાણીએ કોંગ્રેસના શશી થરૂરના નિવેદન સામે પ્રત્યાઘાત આપતા જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ ભારતને તોડવા માટેનું ષડ્યંત્ર રચી રહી છે. સૈનિકોનું મનોબળ ઘટે તે માટે અને ભારતને કોરી ખાનાર ભારતના વિરોધીઓનું મનોબળ વધે તેવા નિવેદનો કોંગ્રેસ આપી રહી છે. ભાજપા જીતશે તો ભારત એ હિન્દુપાકિસ્તાન બની જશે આવા બાલીસ નિવેદન આપનારી કોંગ્રેસને દેશની જનતા જોઇ રહી છે. કોંગ્રેસ દેશ અને હિન્દુઓને બદનામ કરી દેશવાસીઓનું અપમાન કરી રહી છે. ભાજપા ભાઈચારા, એખલાસ અને એકતાના વાતાવરણનું સર્જન કરી રહી છે ત્યારે કોંગ્રેસ આતંકવાદી પાકિસ્તાન જેવા હાલ ભારતના થશે એવી વાત કરી રહી છે. અલ્પસંખ્યકોની સમાનતા પર એલફેલ નિવેદનો કરીને દેશની સમરસતાને ડહોળવાના નિષ્ફળ પ્રયાસોનો જવાબ દેશની શાણી-સમજુ પ્રજા ૨૦૧૯ની ચૂંટણીઓમાં કોંગ્રેસને જરૂરથી આપશે તેવો વિશ્વાસ શ્રી વાઘાણીએ વ્યક્ત કર્યો હતો. રાહુલ ગાંધી અને કોંગ્રેસ - શશી થરૂરના નિવેદન પર સવા સો કરોડ દેશવાસીઓની માફી માંગે તેવી માંગણી શ્રી વાઘાણીએ કરી હતી.

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, આગામી ૧૧મી ઓગષ્ટના રોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે ભાજપા ગુજરાતની એક દિવસીય પ્રદેશ કારોબારીનું આયોજન કરવામાં આવેલ છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા.૧૨.૦૭.૨૦૧૮

----------------

**જુનાગઢ અને વડોદરા મહાનગરની પેટા ચૂંટણીમાં વિજય બદલ આભાર માનીને કાર્યકર્તાઓને અભિનંદન પાઠવતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી**

----------------

**વિશ્વનું સૌથી મોટા અને લાંબા જળસંચય અભિયાનમાં સહયોગ બદલ સૌને અભિનંદન – મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી**

----------------

**આઝાદી પછીના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત ખેડૂતો માટેના એમ.એસ.પી.ની ઐતિહાસિક યોજના બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને ખેડૂતપુત્રના લાખ લાખ અભિનંદન – શ્રી પરષોત્તમ રૂપાલાજી**

----------------

**૨૦૧૯ની ચૂંટણી કોંગ્રેસની “દેશ તોડો” નીતિ સામે ભાજપાની “દેશ જોડો” નીતિ અને દેશને વિશ્વમાં વિકાસ-ગૌરવના ઉચ્ચ શિખરે પહોચાડવા માટેની ચૂંટણી છે – શ્રી વી.સતીષજી**

----------------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રદેશ બેઠકમાં જુનાગઢ અને વડોદરા મહાનગરની પેટાચૂંટણીમાં વિજય બદલ જનતાનો આભાર માન્યો હતો અને કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ તુટી રહી છે અને રણીધણી વગરની છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રજાલક્ષી કામગીરીને જનતાને સ્વીકારીને મહોર મારી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતહિતનો એમ.એસ.પી. બાબતે ઐતિહાસિક નિર્ણય હોય કે રાજ્ય સરકારનો સ્કાય યોજનાનો બચત સાથે કમાણીનો ખેડૂતહિતનો નિર્ણય હોય આ બંને ઐતિહાસિક નિર્ણયો ખેડૂતને ખૂબજ ઉપયોગી નિવડશે. ખેડૂત ખેતરમાં માત્ર પાક જ નહી પણ એ જ જમીન પર વીજળી પણ ઉત્પન્ન કરી શકશે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યુ હતુ કે, રાજ્ય સરકારનો પ્રદેશ કક્ષાનો વૃક્ષારોપણ વનમહોત્સવ ૨૭મી જુલાઇના રોજ અને જીલ્લા કક્ષાનો ૨૯મી જુલાઇના રોજ યોજાશે.વિશ્વના સૌથી મોટા અને લાંબા સફળ જળસંચય અભિયાનમાં સહયોગ બદલ સૌનો આભાર માન્યો હતો અને અભિનંદન પાઠવ્યા હતા. ભારત વિશ્વમાં અર્થતંત્રની દ્રષ્ટિએ ફ્રાન્સથી પણ આગળ નીકળી ગયુ છે તેનો ઉલ્લેખ કરતા વિરોધીઓ સામે પ્રત્યાઘાત આપતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યુ હતુ કે, ૨૦૧૯ની ચૂંટણીઓમાં વિરોધીઓને લપડાક આપી સૌના સાથ સૌના વિકાસના મંત્ર સાથે વધુ પરિશ્રમ કરી ૨૬માંથી ૨૬ બેઠકો જીતાડવાની અપીલ કરી હતી.

..૨..

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રીશ્રી રૂપાલાજીએ એમએસપી યોજનાની વિસ્તૃત માહિતી પ્રદેશ બેઠકમાં આપી હતી. આઝાદી પછીના ઈતિહાસમાં દેશમાં પ્રથમવાર ખેડૂતલક્ષી ઐતિહાસિક એમએસપી યોજના માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને એક ખેડૂતપુત્ર તરીકે લાખ લાખ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી રૂપાલાજીએ વધુમાં જણાવ્યુ હતુ કે, સોઈલ હેલ્થ કાર્ડ, નિમ કોટેડ યુરિયા અને વિવિધ કિસાનલક્ષી યોજઓ દ્વારા ઓછી પડતર આવે અને એમએસપી દ્વારા દેશના તાતને ઉત્પાદન લાગત કરતા ડોઢથી બે ગણુ વળતર મળે. આવી ઐતિહાસિક યોજનાને નીચે સુધી પહોચાડવાની અપીલ ઉપસ્થિત સૌ હોદ્દેદારશ્રીઓને રૂપાલાજીએ કરી હતી.

રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજીએ પ્રદેશ બેઠકને સંબોધતા જણાવ્યુ હતુ કે, ૧૯૫૧થી કાર્યકર્તાઓની તપસ્યા, બલીદાન અને વૈચારિક અધિષ્ઠાન સાથે ભાજપા આજે આ સ્થિતિએ પહોચ્યું છે. કોંગ્રેસ સમાજો વચ્ચે ભ્રમ ફેલાવી અને અપપ્રચાર કરીને જ્ઞાતિવાદ-કોમવાદ થકી દેશને તોડવાના પ્રયત્નો કરે છે. જ્યારે ભાજપા રાષ્ટ્રવાદ અને વિકાસવાદ સાથે સૌના સાથ સૌના વિકાસ મંત્રીને ચરિતાર્થ કરી દેશને જોડવાનો પ્રયત્ન કરે છે. આવનારી ૨૦૧૯ની ચૂંટણી કોંગ્રેસની "દેશ તોડો" નીતિ સામે ભાજપાની "દેશ જોડો" નીતિ અને દેશને વિશ્વમાં વિકાસ-ગૌરવના ઉચ્ચ શિખરે પહોચાડવા માટેની ચૂંટણી છે. તમામ કાર્યકર્તાઓ સોંપેલ જવાબદારી નિષ્ઠા અને પરિશ્રમથી નિભાવે તેવી અપીલ શ્રી વી.સતીષજીએ કરી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ